सत्यमेव जयते

GJTP010000022026

રજીસ્ટર્ડ તારીખ : ૦૨/૦૪/૨૦૨૬..
ફેસલ તારીખ : ૨૫/૦૬/૨૦૨૬..
<u>સમયગાળો : વર્ષ, માસ, દિવસ..</u>

**તાપી જિલ્લાના સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ મુકામ–વ્યારા.**

**<u>ક્રિમીનલ અપીલ નં.૧/૨૦૨૬</u>**

**<u>આંક–</u>**

**એપેલન્ટ :– (૧) રતિલાલભાઈ ઈરમાભાઈ પાડવી**
ઉ.આ.વ.૭૪, ધંધો– ખેત મજુરી
રહે.પીપલાસ તા.કુકરમુંડા જિ.તાપી.

**<u>વિરુધ્ધ</u>**

**<u>રીસ્પોન્ડન્ટ</u>:– સરલાબેન રાજુભાઈ પાડવી,**
ઉ.આ.વ.૩૫, ધંધો–મજુરી,
રહે. ચિરમટી, તા.કુકરમુંડા, જિ.તાપી.

<u>એપેલન્ટસ તરફે વિ.વ.શ્રી એલ.એમ.પાડવી</u>
<u>રીસ્પોન્ડન્ટ તરફે વિ. વ.શ્રી એસ.એન.વળવી</u>

બાબત.:– મે.નિઝરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક.)શ્રીઅ` ફોજદારી પરચુરણ અરજ નં.૦૭/૨૦૨૩ના કામે તા.૩૦/૧૦/૨૦૨૫ના રોજ આંક–૩૦થી કરેલ હુકમની સામે ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ની કલમ–૨૯ હેઠળ અપીલ.

## // ઠરાવ //

**૧.** એપેલન્ટ સદર અપીલ ઘરેલું હીંસા ધારા અધિનિયમની કલમ– ૨૯ અન્વયે દાખલ કરેલ છે.

**૨.** એપેલન્ટે પ્રસ્તુત અપીલ ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/ ૨૦૨૩ નાં કામે નિઝરના વિ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીનાઓની કોર્ટ ધ્વારા આંક – ૩૦ લગતનાં તા.૩૦/૧૦/૨૦૨૫ નાં રોજ કરવામાં આવેલ હુકમથી નારાજ થઈ રજીસ્ટર્ડ કરાવેલ છે.

**૩.** આ અપીલ સબંધે રીસ્પોન્ડન્ટને ધોરણસર નોટીસ બજતા રીસ્પોન્ડન્ટ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર રહેલ છે. અપીલ મેમો, દસ્તાવેજી પુરાવાઓ, ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ તથા પક્ષકારોનાં વિ.વ. શ્રીઓની દલીલોને ધ્યાને સાંભળી.

**૪.** એપેલન્ટનાં વિ.વ.શ્રી એલ.એમ.પાડવીની દલીલ એવી છે કે,

(૧) હાલના એપેલન્ટ અને મૂળ અરજીના સામાવાળા નં.૧ આ કામના રીસ્પોન્ડન્ટના પતિ નથી પરંતુ સસરા છે. તેમ છતાં મે.નીચલી કોર્ટે તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ફરમાવેલ હુકમના નિર્ણય અંગેના કારણોમાં મુદ્દા નં.૨ ની ચર્ચાના પેજ નં.૭ ની છઠ્ઠી લીટીમાં વિ.ટ્રાયલ અદાલતે મુલ્યાંકન કરેલ છે કે, '' અત્રેની અરજીમાં જણાવ્યા મુજબ તથા પડેલા પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો જણાય છે કે, અરજદારને શરૂઆતથી જ શારીરીક માનસિક ત્રાસ આપતો તેણીના પતિ, તેણીને શારીરીક માનસિક ત્રાસ આપી તરછોડી મૂકેલ ત્યારથી આજદિન અરજદારનું કે તેણીના સગીર પુત્રીનું ભરણપોષણ સામાવાળા એ કરેલ નથી.''

(૨) સદર કામના મૂળ અરજીના અરજદારે પોતાની આંક–૧ ની અરજીમાં કે સરતપાસમાં સોગંદનામામાં કયાં એવુ જણાવેલ નથી કે અરજદારને તેના પતિએ શારીરીક માનસિક ત્રાસ આપી તરછોડી મુકેલ ત્યારથી આજદિન સુધી અરજદારનું કે તેણીના સગીર પુત્રીનું ભરણ–પોષણ સામાવાળાએ કરેલ નથી. સદર હુ રીસ્પોન્ડન્ટ મુળ અરજીના પેરા નં.૧ માં સ્પષ્ટ જણાવે છે કે, સદર લગ્ન જીવનથી હમો અરજદારને કોઈ સંતાન નથી અને સદરહુ મુળ અરજી આ કામના રીસ્પોન્ડન્ટ વિ.ટ્રાયલ અદાલતમાં સાસુ–સસરા વિરુધ્ધ કરેલ છે, તથા મૂળ અરજીમાં અરજદાર મૈયત થયેલ તેમના પતિ હયાતીમાં શારીરીક માનસીક ત્રાસ આપી તરછોડી મુકેલ ત્યારથી આજદિન સુધી અરજદારનું તેણીની સગીર પુત્રીનું ભરણપોષણ સામાવાળાએ કરેલ નથી તેવુ જણાવેલ નથી.

(૩) વિ.ટ્રાયલ અદાલતે પુરાવાના મુલ્યાંકનમાં આ કામના રીસ્પોન્ડન્ટે મુળ અરજીના અરજદાર અને અમો હાલના એપેલન્ટના પુત્ર થકી કોઈ સંતાન ન હતુ નિ:સંતાન હતા તેમ છતાં સગીર પુત્રીને ભરણ પોષણ સામાવાળાએ કરેલ નથી તેવુ ખોટુ મુલ્યાંકન કરેલ છે. સગીર પુત્રી જ નથી નિ:સંતાન છે, તેમ છતાં સગીર પુત્રી હોવાનુ અનુમાન મુલ્યાંકનમાં કરેલ છે જે ક્ષતિગ્રસ્ત છે સબબ સદર હુકમ પ્રથમ તબકકે રદ થવાને પાત્ર છે. હાલના રીસ્પોન્ડન્ટને એટલે કે મૂળ અરજીના અરજદારના પતિ તારીખ ૦૨/૭/૨૦૨૨ ના રોજ ગુજરી ગયેલ હોવાનુ જણાવે છે, અને રેકોર્ડ પર પણ આવેલ છે તેમ છતાં મે.નીચલી કોર્ટે મુળ અરજદારનો પતિ અરજદારને શારીરીક માનસિક ત્રાસ આપતો હતો તેવુ મુલ્યાંકન કરેલ છે જે તદ્દન ખોટુ

અને કાયદા વિરુધ્ધ છે અને કાયદાનું ખોટુ અર્થઘટન કરી મુળ અરજીમાં જે તથ્ય કથનો જણાવેલ નથી તેવો હકીકતનો અનુમાન કરી હુકમ કરેલ છે, જે રદ થવાને પાત્ર છે.

(૪) વિ. ટ્રાયલ અદાલતે મુળ અરજદારની ઉલટતપાસમાં કબુલ રાખેલ હકીકતને ધ્યાનમાં લીધા વગર હુકમ કરેલ હોય, જે ટકવા પાત્ર નથી. સદર કામના રીસ્પોન્ડન્ટ અને મુળ અરજીના અરજદાર જયારે સ્પષ્ટ કબુલાત રાખતા હોય કે ''મારા સાસુ સસરા સાથે મારે કોઈ તકરાર નથી અને એક ભેંસ માટે હાલની આ અરજી કરેલ છે જેથી મુળ અરજદારને શારીરીક માનસિક ત્રાસ હતો તે સાબીત થતુ નથી અને મુળ અરજદાર અરજી કરવા પાછળનુ કારણ પણ ઉલટતપાસમાં સ્પષ્ટ જણાવે છે. તેમજ મુળ અરજદારની જાણ બહાર કાયદાનો દુરપયોગ કરી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની જોગવાઈ હેઠળ અરજી દાખલ કરવામાં આવેલ છે, જયારે મુળ અરજદારની દાદ એક ભેંસ માટે તથા ઘરબાર અને ભાગ-હિસ્સા મેળવવા માટેની છે. પરંતુ આધાર પુરાવા વગર સિવિલ રાહે ભાગ હિસ્સો મેળવવા મુશ્કેલ જણાતા સ્ત્રીઓને સરંક્ષણ આપતા ઘરેલુ હિંસાથી સ્ત્રીને રક્ષણ આપતા કાયદાનો ખોટી રીતે દુર ઉપયોગ કરી, સ્વ.પતિના મરણ પછી સાસુ સસરા વિરુધ્ધ ખોટી રીતે અરજી દાખલ કરવામાં આવેલ છે અને વિ. ટ્રાયલ અદાલતે કોર્ટના રેકર્ડ પર સ્પષ્ટપણે ઉલટતપાસ થકી ફલીત થયેલ છે કે મુળ અરજદારને સાસુ સસરા સાથે તકરાર નથી, તેમ છતાં વિ. ટ્રાયલ અદાલતે પુરાવા વગર, મુળ અરજદારને શારીરીક માનસિક ત્રાસ થતો હોવાનુ માની ગંભીર ભુલ કરેલ છે.

(૫) વિ. ટ્રાયલ અદાલતે એપેલન્ટ/ મુળ સામાવાળાઓએ રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને ન લઈ સામાવાળા /મુળ અરજદારના પુરાવાને ખોટી રીતે મુલ્યાંકન કરી માને હોય, સદર ચુકાદો રદ કરવા અરજ કરેલ છે. આથી, માર્ક–૩/૧ નો વિવાદી હુકમ પણ સેટ એ સાઈટ થવાને પાત્ર છે. આવા સંજોગોમાં અપીલ મંજુર કરી વિવાદી હુકમ રદ કરવા અરજ કરેલી છે.

**૫.** જયારે, અપીલનો વિરોધ કરતા રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રી એસ.એન.વળવી ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, વિ.ટ્રાયલ અદાલત ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે હુકમ સાચો, કાયદેસરનો હોઈને કાયમ કરવા અરજ કરેલી છે.

**૬.** આ અપીલનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ::–

**૧.** શું એપેલન્ટ પુરવાર કરે છે કે, પડકારવામાં આવેલ ટ્રાયલ કોર્ટનો હુકમ ગેરકાયદેસર, કાયદાનાં સ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો, ખોટો અને ભુલ ભરેલો હોય, રદ કરવો અથવા તો, તેમા ફેરફાર કરવો જરૂરી છે?

**૨.** શું હુકમ?

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણય નીચે મુજબ છે ::–

**૧.** હકારમાં

**૨.** આખરી હુકમ મુજબ.

–:: **કારણો** ::–

**મુદ્દા નંબર–૧ અને ૨** ::–

૮. અત્રેથી એવી બાબત ઉલ્લેખનીય છે કે, હાલની અપીલકર્તા એ વિ. ટ્રાયલ અદાલત સમક્ષ ચાલેલી કાર્યવાહી માં સામાવાળા હોય તેમજ મુળ અરજીમાં દર્શાવેલ ફરિયાદી આ અપીલનાં કામે રીસ્પોન્ડન્ટ તરીકે હોય, હાલનાં ચુકાદામાં અપીલકર્તાને સામાવાળા તથા રીસ્પોન્ડન્ટ ને ફરિયાદી તરીકે સંબોધવામાં આવેલ છે.

૯. આગળ ઉપર ચર્ચા કર્યા મુજબનાં વિ.નીચેની અદાલતનાં તકરારી હુકમ કે જે ચડત ભરણપોષણ વસુલવાનાં હકક સબંધેનો છે. અત્રેથી એવી બાબત પણ ઉલ્લેખનીય છે કે,અપીલકર્તા ધ્વારા વિ.ટ્રાયલ અદાલત સમક્ષ ચાલેલ ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયેની ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/૨૦૨૩ અન્વયે રીસ્પોન્ડન્ટનાંઓની તરફેણ માં થયેલ ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ– ૧૯, ૨૦ તથા ૨૨ અન્વયે નાં તા.૩૦/૧૦/૨૦૨૫ નાં રોજ ફરમાવેલ હુકમની કાયદેસરતા,યથાર્થતા કે ન્યાયીકતાને હાલની અપીલથી પડકારવામાં આવેલ છે.

૧૦. આ કામે મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/૨૦૨૩ કે જે ચડત ભરણપોષણ મેળવવા માટે દાખલ કરવામાં આવેલ હતી તેનાં કામે આંક–૧ અન્વયે તા.૩૦/૧૦/૨૦૨૫ નાં રોજ વિ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, નિઝરનાં વિવાદી હુકમ કે જે મુજબ રીસ્પોન્ડન્ટ ચડત ભરણ પોષણની રકમ મેળવવા હકકદાર હોવાનું ઠરાવેલ છે તેવા હુકમની કાયદેસરતા અને યથાર્થતા સબંધે હાલની અપીલ લાવવામાં આવેલ હોય, તે માટે ડોમેસ્ટીક વાયોલન્સ એકટ મુજબની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/૨૦૨૩ ની અરજી

તળેનાં આંક–૩૬ થી તા.૩૦/૧૦/૨૦૨૫ નાં રોજ ફરમાવેલ આખરી હુકમને ધ્યાને લેવો ખુબ જ જરૂરી બને છે. જે નીચે મુજબ છે.

**<u>આખરી હુકમ :</u>**

(૧) અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળાને હુકમ કરવામાં આવેલ છે કે તેઓ હાલની અરજીની તા.૧૭/૦૨/૨૦૨૩ થી ઘરેલુ હિંસાના કાયદાની કલમ–૧૯ અન્વયે અરજદારને રહેઠાણના ઘર ભાડાની વ્યવસ્થા કરી આપવી વિકલ્પે અરજદારને ઘર ભાડુ માસીક રૂા.૨૦૦૦/– ચુકવી આપવું તેમજ કલમ–૨૦ અન્વયે અરજદારણને ભરણપોષણ પેટે માસીક રૂા.૫,૦૦૦/– લેખે (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ચુકવી આપવા તેમજ કલમ–૨૨ અન્વયે શારીરિક માનસિક ત્રાસના વળતર પેટે સામાવાળાએ અરજદારને રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ચુકવી આપવા.

(૩) સામાવાળાએ અરજદારણની ઉપરોકત ચઢેલી રકમ તરત જ ચુકવી આપવી તેમજ ત્યારબાદ નિયમિત દર માસે નિયત કરેલી ભરણપોષણની રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સામાવાળાએ અરજદારણને અરજી ખર્ચના રૂા.૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) અલગથી ચુકવવા.

(૫) ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૪ મુજબ અરજદારણને આ હુકમની નકલ વિના મુલ્યે પુરી વાડવી.

**૧૧.** આ કામે સૌપ્રથમ એવી બાબત નિર્વિવાદીત છે કે, મુળ અરજીના સામાવાળા નં.૧ અરજદારના સગપણે સસરા થાય છે અને સૃામાવાળા નં.ર અરજદારના સાસુ થાય છે અને અરજદાર બન્ને સામાવાળાઓની વિધવા પુત્રવધુ થાય છે અને અરજદારના પતિ તા.ર/૭/રર ના રોજ ગુજરી ગયેલ. સામાવાળાઓ પાસે આવક ના સાધન તરીકે ૭ ભેંસો હતી આ સિવાય રહેણાંકનુ મકાન હતુ.

અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન આ કામના સામાવાળાઓના પુત્ર રાજુભાઈ સાથે જાતિના રીવાજ મુજબ બન્ને પક્ષકારોની સંમતિથી આશરે ૧૮ વર્ષ અગાઉ ચિરમટી મુકામે થયા હતા.લગ્ન જીવનથી અરજદારને કોઆ સંતાન નથી. સામાવાળા નં-૧ સસરા તથા સામાવાળા નં-૨ સાસુ થાય છે. અરજદારના લગ્ન થયા બાદ સામાવાળાના ઘરે મૌજેપિપલાસ ગામે અરજદાર તેમના ધણી તથા આ કામના સામાવાળાઓ સાથે સંયુકત કુટુંબમાં રહેતા આવેલ અને ત્યાં રહી ઘરનું તમામ કામકાજ કરી તેના ધણી તથા સામાવાળાઓની સેવાચાકરી કરી એક આદર્શ પત્નીને શોભે તે રીતે જીવન જીવતા હતા. અરજદારનું લગ્ન જીવન સુખી હતુ. પરંતુ લગ્ન જીવનના ૩ વર્ષ બાદ તેણીના ધણીને ગંભીર પ્રકારની બીમારી થઈ તેથી તેઓ કામકાજ કરી શકતા નહી અને અરજદાર મહેનત મજુરી કરી તેમના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના સાસરીયામાં ભેંસો હોવાથી ભેંસોની સેવાચાકરી તથા તેમની ધેખરેખ કાળજી રાખી દુધ ડેરીમાં ભરી ગુજરાન ચલાવતા હતા. પરંતુ લગ્નના ૫ માં વર્ષમાં તેણીના ધણી ખુબજ ગંભીર રીતે બિમાર થઈ ગયેલા અને ગુજરી ગયા ત્યાં સુધી પથારી વશ રહ્યા હતા. અરજદારને તેના લગ્ન વખતે તેના પિતાએ ઘરેણા બનાવી આપેલા તે વેચીને તેના પતિની સારવાર કરાવેલ પરંતુ પતિને બચાવી શકેલ નહી અને તા.૦૨/૦૭/૨૦૨૨

ના રોજ તેઓ ગુજરી ગયા હતા. અરજદારના લગ્ન થયા ત્યારથી પતિ ગુજરી ગયા ત્યાં સુધી અરજદાર તથા સામાવાળાઓ સંયુકત કુટુંબમાં રહેતા હતા. અરજદાર તથા સામાવાળાઓની પાસે ૭ ભેંસો હતી તે ભેંસોની દેખરેખ કાળજી અરજદાર કરતા આવેલા તેમ છતાં સામાવાળા તેમના પતિની સારવાર માટે પૈસા આપતા નહી ફકત ઘરચલાવવા પુરતો સામાન લાવી આપતા જેથી ના છુટકે તેણીનીએ તેના પતિની સારવાર માટે સૌરાષ્ટ્રમાં મજુરીએ જવું પડતું હતું ત્યા બે-ત્રણ માસ મજુરી કરી તેમના પતિ માટે દવા કરાવતા હતા. સામાવાળા અરજદારને નોકરની જમ કામ કરાવતા અને કયારેક પૈસા આપતા નહી જેથી પુરતી સારવારના અભાવે તેમના પતિ ગુજરી ગયા હતા. અરજદારના પતિ તા.૦૨/૦૭/૨૦૨૨ ના રોજ ગુજરી જતા બારમું પતી જતા તેણીના ભાઈ તેને પિયરમાં લઈ જવા આવેલા જથી સામાવાળાએ જણાવેલ કે બે દિવસ રહી પાછી આવી જજે જથી બે દિવસ અરજદાર પિયરમાં રહયા બાદ સામાવાળાઓ સાથે રહેવા માટે પિપલાસ ગામે આવેલા ત્યારે સામાવાળાઓનું વર્તન બદલાય ગયેલ અને ત્યારથી અરજદાર સાથે સામાવાળાઓએ બોલવાનું બંધ કરી ધિદેલ અને સામાવાળાઓ અરજદાર સાથે ખરાબ વર્તન કરવા લાગેલા સામાવાળાઓના આવા વર્તનથી ઘરમાં રહી શકાય નહી તેવું વાતાવરણ ઉભું થતા અરજદારે તેના ભાઈને ફોન કરી બોલાવેલ અને રાત્રેજ પિયરમાં જવામાટેનિકળેલા ત્યારે સામાવાળા નં-૨ નાએ તેણીના ભાઈને જણાવેલ કે હવે પછી અરજદારને તેઓ રાખવાનાં નથી. ત્યારથી અરજદાર તેના પિયરમાં રહે છે. તા.૧૭,૧૮ જાન્યુઆરી ૨૦૨૩ માં અરજદારના પતિની ઉત્તરક્રિયાનો કાર્યક્રમમાં અરજદાર ગયા ત્યારે ગામના આગેવાનો તથા સમાજના લોકોએ સામાવાળાઓ સાથે રહેવા જણાવેલ જેથી અરજદાર સામાવાળાઓ પાસે રોકાઈ ગયેલ પરંતુ

સામાવાળાઓનું વર્તન બદલાઈ ગયેલ અને ઉત્તરક્રિયાના સમયે રડવાનું તેમજ ખાવાપીવાનું ઓછું થઈ જવાથી અરજદારની તબિયત બગડી ગયેલ તેમ છતાં સામાવાળાઓ દવાખાને લઈ ગયેલ નહી અને ઘરમાં તેમની સાથે તોછળું વર્તન કરવા લાગેલા જેથી ગામનાં પંચોને અરજદારે કહેવા જતા પંચોના સમજાવા છતાં સામાવાળા અરજદારને ઘરમાં રાખવા માંગતા ન હોવાથી પિયરમાં ચાલ્યા જવાનું દબાણ કરવા લાગેલા તેમ છતાં સામાવાળાઓ સુધરી જશે અને અરજદારને ઘરમાં રહેવા દેશે એવી આશાએ સામાવાળાઓ સાથે પાંચ દિવસ રહેલા પરંતુ સામાવાળાઓના વર્તનમાં ફેર પડેલ નહી અરજદારને જમવાનું પણ આપતા નહી જેથી અરજદાર કાકા-સસરાના ઘરે જમતા. સામાવાળાઓ અરજદારને રહેવા દેવા ન માંગતા હોવાથી ના છુટકે અરજદારને તેના પિયરમાં આવી રહેવું પડેલ છે. અરજદારે તેમના ઘરવખરીનો સામાન, પલંગ, ગાંદી-ગોદળા,વાસણ મુકવાનું પિંજરૂ, અનાજ ભરવાની કોઠી, ઘરવખરીનો સામાન વગેરે તમામ સામાનવસાવેલ છે જ તમામ સામાન સામાવાળાઓના કબ્જામાં છે. અરજદાર તેના પતિ સાથે અલગ ઘરમાં રહેતા હતા. જે ઘરમાં અરજદારના જઠ પોતાના બકરા બાંધવામાં ઉપયોગ કરે છે. સામાવાળાઓ તથા અરજદારની સંયુકત રીતે ૩ પાંડા અને ૪ ભેંસો હતી તેમાંથી ૩ પાડા અને ૨ ભેંસો વેંચી ધીદેલ છે. સામાવાળાઓ અરજદારને ઘરમાં રાખવાની ચોખ્ખી ના પાડે છે તેમજ ભેંસો વેંચી તેમના મોટા પુત્રીને પૈસા આપી ધીદેલ છે. અરજદાર માટે ખોરાકી-પોષાકી ની કોઈ વયવસ્થા કરેલ નથી સામાવાળાઓ તથા અરજદારની સંયુકત માલિકીની ૨ દૂધ આપતી ભેંસો છે જે રોજનું ૧ ભેંસ ૮ લીટર દૂધ આપે છે. જથી પશુપાલના વ્યવસાયથી માસિક આશરે રૂપીયા ૨૦,૦૦૦/- (અંકે વીસ હજાર) થી વધુ કમાય છે અને મૌજે નવલપુર, તા.તલોદા, જિ.નંદુરબાર મુકામે ૭ એકર ખેતીની જમીન આવેલ છે. જેમાથી વાર્ષિક રૂપીયા ૩,૦૦,૦૦૦/-

(અંકે ત્રણ લાખ)થી વધારે કમાય છે. સામાવાળાઓએ અરજદાર માટે ભરણપોષણ તથા રહેવાની તેમજ બીજી કોઈપણ જરૂરીયાતો પુરી પાડેલ નથી જેથી અરજદારે હાલની અરજી કરી સામાવાળાઓ રૂપીયા ૧૦,૦૦૦/-(અંકે રૂપીયા દસ હજાર)અરજદારને ભરણપોષણ પેટે અરજી કરેલ તારીખથી દર મહિને ચુકવી આપે તેવો હુકમ કરવા, અરજદારના કબ્જાનું ઘર ખાલી કરી અરજદારને સોંપવા અથવા તો સામાવાળાઓ અરજદાર માટે ઘરની વ્યવસ્થા કરી આપે અથવા ઘકભાંડુ આપે તેવો હુકમ કરવા, અરજદારનો સામાન જે સામાવાળાઓના કબ્જામાં છે તે અપાવવા, અરજદારને સામાવાળાઓએ આપેલ ત્રાસથી જ માનસિક યાત્ના વેઠેલ છે તે અંગે અલગથી વળતર અપાવવા તથા કોર્ટને યોગ્ય લાગે તેવી તમામ દાદો અરજદારના લાભમાં અપાવવા રજુઆત કરેલ છે.

**૧૧.૧** અરજદાર પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં અરજીની તમામ વિગતોનુ પુનરાવર્તન કરેલ છે અને અરજદારની ઉલટતપાસના મુખ્ય મુદ્દાઓ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

'' હુ ધોરણ છ સુધી ભણેલ છુ. મારા લગ્નને ૧૮ વર્ષ થયા છે. મારા લગ્ન જીવન દરમ્યાન મારા સાસુ સસરા તથા અમો સારી રીતે રહેતા હતા. મારા પતિ ઘણા લાંબા સમય સુધી બીમાર રહેલ હતા. એ વાત ખરી છેકે, મારા પતિને કમરમાં ઈન્ફેકશન હતુ તેથી તે ચાલી તથા બેસી શકતા ન હતા તેઓ ઉંઘી રહેતા હતા. ... એ વાત ખરી છે કે, હું તથા મારા પતિ અલગ રહેતા હતા. મે લોન લીધેલ હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા સાસુસસરાની ઉંમર વધારે હતી તેથી તેઓને લોન આપતા ન હતા એટલે મારા નામે લોન લેવડાવેલી. સદર લોન મારા પતિના દવાખાનાના ખર્ચ માટે

લીધેલી. સદર લોનના હપ્તા હુ ભરતી ન હતી. મારા પતિ મરણ થયા બાદ ૧૨ દિવસ પછી મારા ભાઈ લોકો મને મારા પીયરમાં લઈ ગયેલ હતા. ... એ વાત ખરી છેકે, મારા સાસુસસરા સાથે તકરાર નથી પરંતુ એક ભેંસ માટે હાલની અરજી કરેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે, મને ઘરબાર માટે તથા જીવવા માટે હિસ્સો જોઈએ છે. ... એ વાત ખરી છેકે,મારા સસરાના નામ ઉપર ખેતીની જમીન હોય તેવો કોઈ આધાર પુરાવો સદર અરજીના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મારા સસરાની બે ભેંસો હોય તેવો આધાર પુરાવા આ કામે રજુ રાખેલ નથી. ...''

**૧૧.૨** આમ, અરજદારની સરતપાસ તથા ઉલટતપાસનુ મુલ્યાંકન કરવામાં આવે તો અરજદારને સામાવાળાઓએ લગ્નજીવન દરમ્યાન આપેલ દુ:ખત્રાસનુ વિગતવાર વર્ણન કરેલ છે પરંતુ ઉલટતપાસમાં તેણીના લગન જીવન દરમ્યાન સાસુસસરા અને તેણી સારી રીતે રહેતા હતા તેવી હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. આ ઉપરાંત તેણીને સાસુ સસરા સાથે કોઈ તકરાર નથી તેવી હકીકત પણ સ્પષ્ટપણુ કબુલ રાખેલ છે. આ ઉપરાંત અરજદારે તેઓ પોતાના પતિ સાથે સામાવાળાઓથી અલગ રહેતા હતા તેવી હકીકત પણ સ્પષ્ટપણે કબુલ રાખેલ છે. આવા સંજોગોમાં અરજદારે પોતે જ લગ્ન જીવન દરમ્યાનના ઘરેલુ હિંસાના બનાવ બાબતે વિરોધાભાસી અને વિસંગત પુરાવાઓ રજુ કરેલ છે અને તેથી આવા પુરાવાઓને આધારે અરજદાર વિરુધ્ધ ઘરેલુ હિંસાનુ કૃત્ય આચરવામાં આવેલ હતુ તેવી હકીકત નિર્વિવાદી રીતે સ્પષ્ટ બનતી હોવાનુ જણાય આવતુ નથી. તેમ છતાં વિ. ટ્રાયલ

અદાલતે સામાવાળાઓએ અરજદાર વિરુધ્ધ ઘરેલુ હિંસાનુ કૃત્ય આચરેલ છે તેવી હકીકત આ કામે પુરવાર થતી હોવાનુ જે તારણ આપેલ છે તે તારણ અરજદારની પોતાનાજ ઉલટતપાસના પુરાવા જોતા, પુરાવાના ખોટા મુલ્યાંકન ઉપર આધારીત હોવાનું સ્પષ્ટ બને છે. તેથી આવુ વિધ્વાન ટ્રાયલ અદાલતનુ આવુ તારણ અત્રેની અદાલતના હસ્તક્ષેપને આવકારે છે.

**૧૨.** અરજદારે પોતાના અરજીના સમર્થનમાં પાડોશી અશોકભાઈ રૂમાભાઈ પાડવીનાઓનુ સરતપાસનુ સોગંદનામુ આંક-૧૮ થી રેકર્ડ ઉપર રજુ કરેલ છે અને ત્યારબાદ કામ આંક-૧૮ થી રજુ સરતપાસના સોગં દનામાના સાહેદ અશોકભાઈ રૂમાભાઈ પાડવીની ઉલટતપાસ માટે રાખવામાં આવેલ હતુ અને અનેક તક આપવા છતા અરજદારના સાહેદ હાજર રહેલ ન હતા અને ત્યારબાદ અરજદાર તરફે સાહેદહાજર રહી જુબાની આપી શકે તેમ નથી તેવી આંક-૨૧ ની અરજી રજુ કરતા વિ. ટ્રાયલ અદાલતે સાહેદ અશોકભાઈ રૂમાભાઈ પાડવીનુ સરતપાસનુ સોગંદનામુ ડીસ્કાર્ડ કરતો હુકમ આંક- ૨૧ ની અરજી નીચે ફરમાવેલ હતો. આમ, સાહેદ અશોકભાઈ રૂમાભાઈ પાડવીની સરતપાસના સોગંદનામાનુ કોઈ પુરાવાકીય મુલ્ય નકકી કરવાનુ રહેતુ નથી.

**૧૩.** આ કામના સામાવાળાએ આંક-૧૧ થી લેખિતજવાબ રજુ રજુઆત કરેલ છેકે, આ કામના અરજદારની અરજી તદન ખોટી અને કાયદા વિરુધ્ધની હોઇ જે ટકવા પાત્ર નથી. સદર હું અમો સામાવાળાઓ પુત્ર યાને અરજદારનો પતિ તા.૨/૭/૨૨ ના રોજ અવસાન થયો હતો. સદર હું અમો સામાવાળાઓ અને અરજદારના સમાજની રૂઢી અને પરંમપરા મુજબ કોઇ પણ વ્યકિત મરણ જાય છે યાને પતિ મરણ જાય તો પત્નીની લાજ

ઉતારવામાં આવે છે અને પતિનું શર્ટ ઉતાર પત્નીના અંતિમ સંસ્કારમાં આવે છે ત્યારે બાદ આદિવાસી સમાજ ભેગા થાય છે અને ત્રણ દિવસ કે પછી પાંચ દિવસ પછી સ્ત્રી હોય તો એને શર્ટ પહેરવામાં આવે છે અને સમાજ ફરીથી વિધિવત એની લાજ ઢાંકે છે. સદર કામના અરજદારના પતિ યાને અમો સામાવાળાઓનો પુત્ર મરણ ગયા પછી ત્રણ દિવસમાં એને કપડાં પહેરાવવાની વિધિ હતી યાને બ્લાઉઝ પહેરાવવાની અને બે વિધિ પુર્ણ થયા બાદ અરજદારના માતા-પિતા સગા સંબંધીઓ અરજદારને પોતાના ઘરે લઈ ગયા હતા, સદર કામના અરજદારને અમોએ કાઢી મુકેલ નથી કે અરજદારને કોઈ પણપ્રકારના માનસીક ત્રાસ આપેલ નથી અરજદાર પોતે સ્વેચ્છાએ તેમની મરજીથી તેમના માતા-પિતા સાથે રહેવા ગયેલ છે.

સદર કામના અરજદારની ફરજ હતી કે અમારે પુત્ર મરણ ગયા પછી અમારી સેવા ચાકરી કરે, વૃધ્ધ અવસ્થામાં અમારુ ધ્યાન આપે પરંતુ અરજદાર અમારી સાથે રહેતા નથી અને અમોએ અરજદારને કોઈપણ પ્રકારે માનસીક કે શારીરીક ત્રાસ આપેલા નથી.

સદર અમો સામાવાળાઓની કોઈ ખેતી નથી અમો મજુરી કરી જીવન ગુજરાન ચલાવીએ છીએ તેમ છતા અરજદારે ખોટી રીતે ભેંસો હોવાની ખોટી હકીકત અરજીમાં જણાવેલ છે.

સદર હું હમો અરજદારો મજુરી કરી કોઈના ખેતરમાં ચાકર રહી વૃધ્ધાવસ્થાને પસાર કરીએ છે તેમ છતાં અરજદારને અમારી સાથે અમારા ઘરે રહેવા આવા તૈયાર હોય તો અમો સામાવાળાઓ અરજદારને વૃધ્ધાવસ્થામાંમ જીવવા એક પુત્રીનો આધાર મળી જશે સબબ અરજદાર અમારી સાથે આવી રહે એવી અમારી વિનંતી છે. સદર કામના અરજદારે અરજીમાં જે પણ આવક અંગેની વાત જણાવી છે તે તદ્દન ખોટી છે. અરજી ઉભી કરવા ફળદ્રુપ ભેજાનો કમાલ છે નહી તો અમો મજુરી કરી જીવન ગુજરાન ચલાવીએ છે.

સદર હું કાયદાનો દુરઉપયોગ કરવામાં આવે તો કાયદાના હાર્દ મરી જશે સબબ ના.કોર્ટને વિનંતી છે કે અરજદારની અરજીને ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ની જોગવાઈ અરજદારની અરજીને લાગુ પડતી નથી.

અરજદારની અરજીના પેરા નં.૧ સાથે કોઈ તકરાર નથી.

અરજદારની અરજી પેરા–૨ થી પેરા–૧૦ માં જણાવેલ હકીકતનો ઇન્કાર કરી જણાવેલ છેકે,

ખરી હકીકતે અમો સામાવાળા પુત્ર હયાત હતો ત્યારથી અરજદાર અમારી સાથે રહેવા ઇનકાર કરતી હતી અને અમારા પુત્ર અમને મદદ કરે તો પણ તેમને સાથે તકરાર કરતી હતી. અમો સામાવાળાનો પુત્ર ઘણા લાંબા સમય સુધી બીમાર હતો અને એવી પરીસ્થિતિમાં પણ અરજદાર એમને અમો વૃધ્ધ માતા –પિતાના ભરોશે છોડી એક બે મહિના પોતાના માતા પિતાના ઘરે જતી રહેતી હતી અને છેલ્લે કુદરતને જ ગમ્યુ તે ખરુ જન્મ અને મરણ માણસના હાથમાં નથી અમો સામાવાળાનો પુત્ર મરણ ગયો અને અમારા સહારો જતો રહયો પરંતુ અરજદારને અમારી સામે કોઇ સહાનુભૂતિ ન હોવાથી અમારો પુત્ર અને અરજદારનો પતિ મરણ થયા પછી ત્રીજા દિવસમાં લાજ ઢાંકવાનો રીવાજ હોય છે એટલે ત્રીજા દિવસે વિધિ પુરી કરીને અરજદાર તેમના પિતાના ઘરે જતા રહયા છે તો આજદિન સુધી અમારા ઘરે આવેલ નથી અમારી ખબર પુછેલ નથી અને અમારો સહારો બનવાને બદલે અમારા વિરુધ્ધ સદર ખોટી અરજી કરી અમોને હેરાન કરે છે. ખરી હકીકતે અમારા પુત્ર હાયત હતો ત્યારથી જ અરજદાર અલગ રહેતી હતી અને અમારો પુત્ર અમારી સેવાચાકરી કરે અથવા કોઇ મદદ કરે તો ખુબ જ તકરાર કરતી હતી અને અમને સાથે રાખવા ઇન્કાર કરતી હતી.

તેમજ વૃધ્ધ હોય છતાં અમારા પુત્રના ઇલાજ માટે અમારા વિસ્તારમાં રહેતા સોકારા એટલે પટેલ ભાઇઓ પાસેથી ઉછીના કર્ઝથી પૈસા લાવી અમારા પુત્રની સારવાર કરાવતા હતા પરંતુ અમારા પુત્રની સારવાર માટે કર્જથી લાવેલા રૂપિયામાં પણ અરજદાર પોતાના લતામાં ખર્ચ કરી દેતી હતી એટલે અરજદાર અમને કાયમ હેરાન કરતી આવેલ છે અને હજુ પણ કરી રહી છે. તેમજ ખરી હકીકતે આમા સામાવાળાઓ પાસે એક જ ભેસ છે અને તે પણ અત્યારે ગાભણ છે એટલે દૂધ ઓછુ ગયેલ છે અને સદર ભેંસ સિવાય અમારા પર જીવવાનો કોઇ આધાર નથી. તેમજ અરજદારે અરજીમાં માંગેલ દાદ મેળવવા હકદાર નથી તેમ છતાં અરજદારે જે ખોટી અરજી કરી ખોટી રીતે દાદ માગેલ છે તે અરજદારે પુરાવાથી સાબીત કરવી જોઇએ. સદર હું અરજદાર અમોની પુત્રની વધુ છે ભલે વિધવા થઇ હોય તેમ છતાં તેમનું બીજુ લગ્ન થાય ત્યાં સુધી અમારી સાથે આવીને રહે તો અમને કોઇ

વાંધો કે હરકત નથી કારણ કે આ વૃધ્ધાવસ્થામાં કોઇ પોતાનું અંગત સહારો આપે તો એ ભગવાનો આશિર્વાદ ગણાઇ.અમો સામાવાળા પૈસાદાર નથી પણ ઉંમરના પણ કોઇપણ ખેડુતને ત્યાં મંજુરી કરી રખેવાળી કરી અરજદારને બે ટંકનું ભોજન ખવડાવવા તૈયાર છે. પરંતુ અરજદારે અમારા પુત્રના મરણ થયા બાદ આટલા દુ:ખદ સમયમાં અમારા વિરુધ્ધ કોર્ટમાં કેસ કર્યો એ અમારા માટે ખુબ જ દુ:ખદ વાત છે અને અરજીમાં બધી બાબતો ખોટી ખોટી લખીને દાખલ કરી છે એટલે અરજી રદ કરવા વિનંતી છે.

સામાવાળાએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં લેખિત જવાબમાં જણાવેલ તમામ વિગતોનુ પુનરાવર્તન કરેલ છે અને સામાવાળાની ઉલટતપાસના મુખ્ય મુદ્દાઓ ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

'' એ વાત ખરી છેકે, અરજદાર સરલાબેન મારા વહુ છે. એ વાત ખરી છે કે, અરજદારના લગ્ન મારા પુત્ર રાજુભાઇ સાથે અઢારેક વર્ષ પહેલા જાતિના રીવાજ મુજબ થયેલા એ વાત ખરી છે કે, લગ્ન જીવન થકી કોઇ સંતાનનો જન્મ થયેલ નથી એ વાત ખરી છે કે અરજદાર અને મારા પુત્રના લગ્ન થયા બાદ અમો બધા સંયુકત કુટુબમાં રહેતા હતા અને વાત ખરી છે કે, લગ્ન બાદ ત્રણેક વર્ષ બાદ મારા પુત્રને ગંભીર બીમારી થઇ ગયેલ. એ વાત ખરી છેકે, અરજદાર અને મારા પુત્ર ગુજરી ગયા ત્યાં સુધી તે ખાટલાવસ હતા. એ વાત ખરી છે કે, અરજદાર મારા પુત્રની સેવાચાકરી પણ અરજદાર જ રાખતા હતા . એ વાત ખરી નથી કે, અરજદાર મજુરીએ ગઇ પૈસા લાવી બીમાર પતિની સારવાર કરાવતા હતા. એ વાત ખરી નથી કે, તા.૨/૭/૨૨ ના રોજ મારા પુત્રનું અવસાન થવાથી અરજદારને તુ વાઝણી છે તુ કાચ કામની નથી તેવુ જણાવી ઘરમાંથી કાઢી મુકેલ છે. એ વાત ખરી નથી કે લગ્નના થોડા વર્ષ પછી અરજદાર અને મારા પુત્ર અલગ ઘર બનાવીને રહેતા હતા. એ વાત ખરી છે કે, સરકારી આવાસમાં અરજદાર તથા મારા પુત્ર સાથે રહેતા હતા. એ વાત ખરી નથી કે, અરજદાર રહેતા ઘરમાં હાલમાં પણ સામાન પડેલ છે. એ વાત ખરી છે કે અરજદાર જે ઘરમાં રહેતા હતા તે ઘરમાં હાલમાં મારા મોટા પુત્ર બકરા બાધે છે અને અમો ભેસ બાધી ઘાસચારો રાખીએ છીએ. હાલમાં મારી પાસે બે ભેસો છે. હાલમાં એક ભેસનું દુધ ડેરીમાં ભરુ છુ. એ વાત ખરી નથી કે, મારી પાસે બે ભેસો છે તે

અરજદારની છે. એ વાત ખરી નથી કે, મહારાષ્ટ્રમાં નવલપુર ગામે ખેતીની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે સદર કેસ કર્યા પહેલા મારા પત્ની જોલીબે તંદુરસ્ત હતા. એ વાત ખરી છે કે, તેઓ ગુજરી ગયાના એકાદ માસ પહેલા બીમાર થયેલા. એ વાત ખરી નથી કે, અરજદાર અમારી તથા મારી પત્નીની સેવાચાકરી કરતા આવેલા. એ વાત ખરી નથી કે ,અરજદારનું રહેવાનું ઘર છીનવી લઈ તુ વાઝણી છે તેવુ જણાવી ઘરમાંથી કાઢી મુકેલ છે.એ વાત ખરી નથી કે, અરજદારને તેમના ઘરમાં રહેવા દેવા માટે ગામના પંચો બેઠેલા. એ વાત ખરી નથી કે, અમો અરજદારને રાખવા માગતા ન હોય અને ભરણપોષણ આપવા માંગતા નથી તેથી નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપુ છુ.

સામાવાળાની ઉપરોકત જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો, અરજદારના પતિના મૃત્યુ બાદ, ધાર્મિક વીધીબાદ , અરજદારના ભાઈઓ અરજદારને તેના પીયર લઈ ગયા બાદથી અરજદાર સામાવાળાઓ સાથે રહેવા માટે આવતા નથી. આજે પણ તેઓ અરજદાર સામાવાળા સાથે રહેવા માંગતા હોય તો સામાવાળા ઓ તેને પુત્રવધુ તરીકે રાખવા તૈયાર છે. સામાવાળાઓ પાસે હાલમાં બે ભેંસ છે જે પૈકીની એક ભેંસ દુધ આપે છે. અને તેનુ દુધ ડેરીમાં ભરે છે અને તેઓનુ ગુજરાન ચાલે છે આ સિવાય તેઓ ખેચીવાડીમાં રખેવાડીનુ કામ કરે છે, તેવી હકીકત સ્પષ્ટ બને છે. આમ, સામાવાળાઓના પુરાવા મુજબ સામાવાળાઓએ અરજદારને કાઢી મુકેલ નથી.

**૧૪.** અરજદારે ધી ડોમેન્સ્ટીક વાયોલન્સ એકટ અન્વયે હાલની અરજી દાખલ કરેલ છે ત્યારે આવી અરજીના કામે સામાવાળા તરીકે કોણ હોઈ શકે તે બાબતે કલમ-૨(કયુ) વંચાણે લેવી જરૂરી બને છે તે નીચે મુજબ છે.

(q) “respondent” means any adult male person who is, or has been, in a domestic relationship with the aggrieved person and against whom the aggrieved person has sought any relief under this

Act: Provided that an aggrieved wife or female living in a relationship in the nature of a marriage may also

file a complaint against a relative of the husband or the male partner;

**૧૪.૧** આમ, ઉપરોકત જોગવાઈ મુજબ આ કામે સામાવાળાઓ કે જે અરજદારના સાસુ સસરા થાય છે, તેઓને ચોકકસ પણે જ સામાવાળા તરીકે જોડી શકાય છે અને તેઓ વિરુધ્ધ્ માં ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયેની દાદ માંગી શકાય છે. આ કામે અરજદારે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં સામાવાળાઓએ તેણી વિરુધ્ધ ઘરેલુ હિંસાનુ કૃત્ય આચરેલાનુ જણાવેલ છે. પરંતુ ઉલટતપાસમાં સ્પષ્ટ પણે એવી હકીકત જણાવેલ છેકે, '' એ વાત ખરી છે કે, મારા સાસુસસરા સાથે મારે તકરાર નથી પરંતુ એક ભેંસ માટે હાલની અરજી કરેલ છે. સાહેદ વધુમાં જણાવે છેકે, મને ઘરબાર માટે તથા જીવવા માટે હિસ્સો જોઇએ છે.'' આવી હકીકતને જોતા, અરજદાર અને સાસુસસરા વચ્ચે કોઈ ઘરેલુ હિંસાના બનાવ હોવાની હકીકત સ્પષ્ટ થતી નથી. પરંતુ અરજદાર એક ભેંસની માંગણી કરતા હોવાનુ તથા ઘરબારમાં હિસ્સો માંગતા હોવાનુ સ્પષ્ટ બને છે. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના **Satish Chander Ahuja Vs. Sneha Ahuja.,** AIR 2020 SC 5397 ના ચુકાદાને વંચાણે લેવામાં આવે તો,

102. Learned counsel for the appellant submitted that in the suit in question the defendant has not sought for any relief under Section 19. It is true that no separate application or separate prayer has been made by the defendant in the suit for grant of any relief under Section 19 but in her pleadings she has resisted the claim of plaintiff on the ground that she has a right to reside in the suit property it being her shared household. Thus, the question whether the suit premises is shared household of the defendant and she has right in the shared household so as the decree before the Trial Court can be successfully resisted were required to be determined by the Trial Court. **We are further of the view that when in the suit defendant has pleaded to resist the decree on the ground of her right of residence in the suit property it was for her to prove her claim in the suit both by pleadings and evidence.**

103. As noted above, one of the conditions to treat a person as a respondent is that "against whom the aggrieved person has sought any relief under the Act". The defendant in her pleadings having claimed that she has right of residence in the suit property, she for successful resisting the suit has to plead and prove that she has been subjected to any act of domestic violence by the respondent, which is implicit in the definition of the aggrieved person itself as given in the Section 2(a) of the Act, 2005. It is, further, relevant to notice that although learned Magistrate passed an interim order in the application filed by the defendant under Section 12 on 26.11.2016 but said order was interim order which was passed on the satisfaction of the Magistrate that "the application prima facie disclosed that the respondent is committing or has committed an act of domestic violence". For granting any relief by the Civil Court under Section 19 it has to be proved that the respondent is committing or has committed an act of domestic violence on the aggrieved person. **To treat a person as the "respondent" for purposes of Section 2(q) it has to be proved that person arrayed as respondent has committed an act of domestic violence on the aggrieved person.**

104. **We, thus, are of the view that for the purposes of determination of right of defendant under Sections 17 and 19 read with Section 26 in the suit in question the plaintiff can be treated as "respondent", but for the grant of any relief to the defendant or for successful resisting the suit of the plaintiff necessary conditions for grant of relief as prescribed under the Act, 2005 has to be pleaded and proved by the defendant, only then the relief can be granted by the Civil Court to the defendant.**

આમ, અરજદાર જયારે સાસુસસરાને સામાવાળા તરીકે જોડીને ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે રૂા.૧૦,૦૦૦/- માસીક ભરણપોષણની માંગણી કરેલ છે, તથા અરજદાર તેના પતિ સાથે જે ઘરમાં રહેતા હતા તે ઘર અથવા તો વૈકલ્પીક દાદ તરીકે ઘર ભાડાની માંગણી કરેલ છે. તેમજ અરજદારનો સામાન સામાવાળાઓના કબજામાં રહેલ છે તે પરત અપાવવા માંગણી કરેલ છે અને સામાવાળાઓ અરજદારને જે ત્રાસ અને માનસીક યાતનાઓ આપેલ તે બાબતનુ વળતર અપાવવા રજુઆત કરેલ છે. પરંતુ અરજદારે પોતાની ઉલટતપાસમાં અરજદાર અને તેના પતિ અલગ રહેતા હતા તેમજ સાસુ સસરા યાને કે હાલના સામાવાળાઓ સાથે તેઓને કોઇ

તકરાર નથી, તેવી જે હકીકત જણાવેલ છે તે જોતા, આ કામના અરજદાર સામાવાળાઓએ તેઓ વિરુધ્ધ કોઈપણ પ્રકારની ઘરેલુ હિંસાનુ કૃત્ય આચરેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થતુ નથી તેથી ઉપરોકત ચુકાદામાં આ કામના અરજદાર માંગ્યા મુજબની કોઇ દાદ મેળવવા માટે હકકદાર બનતા નથી.

**૧૫.** આ કામે અરજદાર જયારે રૂા.૧૦૦૦૦/–નુ માસીક ભરણપોષણની સામાવાળા સાસુસસરા પાસેથી માંગણી કરેલ છે ત્યારે અરજદારનું પ્રથમ ભરણપોષણ કરવાની જવાબદારી તેના પતિના શીરે હતી પરંતુ પતિના અવસાન બાદ જો કોઇ સહિયારી મીલકતમાં અરજદારના પતિનો હિસ્સો હોય અને તેવી મીલકતમાં જો અરજદારના સાસુ સસરા આવક મેળવતા હોય તો તે આવકમાંથી અરજદાર ભરણપોષણની માંગણી કરી શકે છે. પરંતુ આ કામે અરજદાર સામાવાળાઓ પાસે રહેવાનુ ઘર તથા બે ભેંસ સિવાયની અન્ય કોઇ મીલકત હોવાનુ પુરવાર કરી શકેલ નથી. તેમજ આ ભેંસની માલીકી અરજદારના પતિની હતી અને તેવી ભેંસનો કબજો સામાવાળાઓ સાસુ સસરા પાસે હોવાની હકીકત પણ અરજદાર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ ઉપરાંત સામાવાળાઓ પાસે મોજે નવલપુર તાલુકો તલોદા જિ.નંદુરબાર મુકામે ૭ એકર ખેતીની જમીન આવેલાની તથા તેમાંથી વાર્ષિક ત્રણ લાખ જેટલી આવક મેળવતા હોવાની હકીકત અરજીમાં જણાવવામાં આવેલ છે પરંતુઆ બાબતે કોઈ જ દસ્તાવેજી આધાર પુરા પાડેલ નથી. આ ઉપરાંત ભેંસના દુધની આવક બાબતે પણ અરજદાર તરફથી કોઇ સ્પષ્ટ આધાર પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. આવા સંજોગોમાં આ કામે સામાવાળાઓ અરજદારના પતિનો હિસ્સો હતો તેવી સ્થાવર જંગમ મીલકત ધરાવે છે અને તેમાંથી તેઓ આવક મેળવે છે તેવી હકીકત અરજદાર ચોકકસ પુરાવાઓ રજુ કરી પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

સામાન્ય રીતે ગ્રામ્ય જીવનમાં ઘરે દુધાળા ઢોર રાખવાનુ ચલણ છે અને તેવા સંજોગોમાં સામાવાળા પાસે બે ભેંસ હોય અને તેનુ દુધ ડેરીમાં ભરી પોતાનુ જીવનનિર્વાહ ચલાવતા હોય, તો તેવી આવક માંથી પોતાની વિધવા પુત્રવધુનુ ભરણપોષણ કરવાની જવાબદારી કાયદાકીય રીતે સાસુ–સસરા ઉપર નાખી શકાય નહી.

આવા સંજોગોમાં અરજદાર પોતાના પતિના મૃત્યુ બાદ તેના સાસુ–સસરા પાસેથી માસીક ભરણપોષણની રકમ મેળવવા હકકદાર જણાય આવતા નથી.

**૧૬.** આ કામના અરજદારે અરજીની દાદમાં તેણી પોતાના પતિ સાથે જે ઈન્દીરા આવાસ યોજનાના મકાનમાં રહેતી હતી તે ઘરનો કબજો સામાવાળાઓએ લઈ લીધો હોય, તે ઘર ખાલી કરી અરજદારને સોપવા અથવા તો વિકલ્પે ઘરની વ્યવસ્થા કરી આપવા અથવા તો ઘર ભાડુ અપાવવાની દાદ માંગેલી છે. આ કામે અરજદાર તેના પતિ સાથે જે ઈન્દીરા આવાસ યોજનાના મકાનમાં રહેતા તે મકાન બાબતે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો તપાસવામાં આવે તો અરજદારે પોતાની અરજીના પેરા–૬ માં તેણી પતિ સાથે જે મકાનમાં રહેતી હતી તે મકાનમાં અરજદારના જેઠ બકરા બાંધવાનો ઉપયોગ કરેલ છે તેવી હકીકત જણાવેલ છે. આ અનુસંધાને સામાવાળાઓ તરફે રજુ થયેલ પુરાવા તપાસવામાં આવે છે તો અરજદાર અને તેના પતિ અલગ ઘરમાં રહેતા હતા તેવી હકીકત સ્પષ્ટ બને છે. વધુ સામાવાળા રતિલાલ રૂમાભાઈ પાડવીની આંક–૨૬ ની જુબાનીમાં ઉલટતપાસ પુરાવો વંચાણે ેવામાં આવે તો તેમાં સામાવાળાઓએ સ્પષ્ટ પણે એવી હકીકત કબુલ રાખેલ છે કે એ વાત ખરી છેકે, અરજદાર જે ઘરમાં રહેતા હતા તે ઘરમાં મારા મોટા પુત્ર બકરા બાંધે છે અને અમો ભેંસ બાંધી ઘાસચારો રાખીએ છીએ.

આમ, અરજદાર જણાવે છે તેવુ સરકારી આવાસ યોજનાનુ મકાન હાલમાં સામાવાળાઓના કબજામાં હોવાનુ સ્પષ્ટ બને છે. આ

મકાનમાં અરજદાર તેના પતિ સાથે રહેતા હતા તેવી હકીકત પણ આ કામે સ્પષ્ટ બનતી હોય, આ સરકારી આવાસ યોજનાનુ મકાન અરજદારને તેના પતિના મરણ બાદ રહેવા માટે આપવુ જરૂરી બને છે અને તેથી અરજદાર સામાવાળા સાથે જે સરકારી આવાસ યોજનાના મકાનમાં રહેતા હતા તે મકાન સામાવાળાઓ પાસેથી ખાલી કરાવી તેનો કબજો અરજદારને સોપી આપવો જરૂરી બને છે, અને આમ, અરજદારને પોતાનુ મકાન મળતો હોય તેઓને વૈકલ્પીક ઘર અથવા તો ઘરભાડાની દાદ આપવી જરૂરી જણાય આવતુ નથી. આમ, વિ. ટ્રાયલ અદાલતે અરજદાર તેના પતિ સાથે રહેતી હતી તે મકાન અરજદારને પરત અપાવવા માટેનો વિકલ્પ ઉપલબ્ધ હતો પરંતુ તેમ છતાં વિ. ટ્રાયલ અદાલતે સામાવાળાઓ પાસેથી ઘરભાડા તરીકે રૂા.૨૦૦૦/- ચુકવવા સંબંધે જે હુકમ ફરમાવેલ છે તે હુકમ આ કામે અરજદારને પોતાના પતિ સાથે રહેતા હતા તે મકાનનો કબજો અપાવી શકાય તેમ હોવાથી યથાયોગ્ય, ન્યાયચીત જણાય આવતો ન હોય તેવો હુકમ રદ થવાને પાત્ર બની રહે છે, અને આવા હુકમમાં જરૂરી ફેરફાર કરવો ન્યાયોચીત જણાય આવે છે.

**૧૭.** આ કામે વિ. ટ્રાયલ અદાલતે અરજદારને ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૨૨ અન્વયે શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે રૂા.૨૫,૦૦૦/- ચુકવી આપવા હુકમ ફરમાવેલ છે. આ હુકમની યોગ્યતા તપાસવામાં આવે તો, અરજદારે સામાવાળા વિરુધ્ધની પોતાની અરજીમાં તથા સરતપાસના સોગંદનામામાં તેણીને સામાવાળાઓએ તેના પતિના અવસાન બાદ માનસીક ત્રાસ આપેલાના આક્ષેપો કરેલા છે. પરંતુ અરજદારે પોતાના ઉલટતપાસમાં તેણીના સાસુ-સસરા મજુરીકામ કરે છે. તેણી પણ મજુરીએ જતી હતી. તેણીના સાસુ-સસરા સાથે તેણીને કોઇ તકરાર નથી પરંતુ એક ભેંસ માટે હાલની અરજી કરેલાનું જણાવેલ છે. આ ઉપરાંત તેણીને ઘરબાર અને જીવવા માટે હિસ્સાની માંગણી કરેલાનુ જણાવેલ છે.

આમ, અરજદારે હાલની અરજી જે દુ:ખત્રાસના આક્ષેપો સાથે જણવેલ છે. તેની વિરુધ્ધ્ સાસુ-સસરા સાથે કોઈ તકરાર નથી તેવી હકીકત જાહેર કરેલ છે. તેમજ તેણીએ હાલની અરજી ભેંસ તથા ઘર મેળવવા અને જિવનનિર્વાહ ચલાવવા હિસ્સા માટે કરેલ હોય, વિ. ટ્રાયલ અદાલતે અરજદારને ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૨૨ અન્વયે શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે રૂા.૨૫,૦૦૦/- ચુકવી આપવા હુકમ ફરમાવેલ છે.તેવો હુકમ ભુલ ભરેલો, પુરાવાના ખોટા અર્થઘટન ઉપર આધારીત જણાય આવતો હોય, આવો હુકમ રદ થવાને પાત્ર છે.

**૧૮.** આ કામે અરજદાર તેના પતિ સાથે રહેતા તે મકાનનો કબજો સામાવાળાઓ પાસે હોય, તે મેળવવા માટે હાલની અરજી કરવા પડેલ હોય વિ. ટ્રાયલ અદાલતે અરજીના ખર્ચ પેટે રૂા.૧૫૦૦/- અલગથી ચુકવી આપવા જે હુકમ ફરમાવેલ છે તેહુકમ યથાયોગ્ય અને વ્યાજબી જણાય આવતો તેમાં કોઈ હસ્તક્ષેપ કરવુ ન્યાયોચીત જણાય આવતુ નથી.

**૧૯.** આમ, વિ. ટ્રાયલ અદાલતે અરજદારને સામાવાળાઓ કે જે અરજદારના સાસુ- સસરા થાય છે અને તેઓ પાસે કોઈ સ્થાવર જંગમ મીલકત નથી તેમજ તેઓ અરજદારના પતિના હિસ્સાવાળી મીલકત ધારણ કરી તેમાંથી કોઈ આવક મેળવતા હોવાનુ પુરવાર થતુ નથી. તેમજ અરજદારને કોઈપણ પ્રકારે શારીરીક માનસીક દુ:ખત્રાસ આપેલાનુ આ કામે સ્પષ્ટપણે પુરવાર થતુ નથી, ત્યારે અરજદારની તરફેણમાં માસીક ભરણપોષણ પેટે રૂા.૫૦૦૦/-ની રકમ ચુકવી આપવા સંબંધે જે હુકમ ફરમાવેલ છે તે હુકમ પુરાવાના ખોટા અર્થઘટન ઉપર આધારીત હોય, આવો હુકમ રદ થવાને પાત્ર બને છે.

**૨૦.** આ કામે અરજદાર તેના પતિ સાથે પીપલાસ ગામે જે સરકારી આવાસ યોજનામાં રહેતા હતા તે સરકારી આવાસ યોજનાનાનુ મકાન સામાવાળાઓના કબજામાં હોવાનુ સ્પષ્ટ બનતુ હોય , આવા

મકાનનો કબજો અરજદાર મેળવવા ચોકકસપણે જ હકકદાર જણાય આવે છે. તેમજ આવા મકાનનો કબજો સ્પષ્ટરીતે અપાવી શકાય તેમ હતુ તેમ છતાં વિ. ટ્રાયલ અદાલતે ઘર ભાડા તરીકે માસીક રૂા.૨૦૦૦/– ચુકવી આપવાનુ ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૯ અન્વયે હુકમ ફરમાવેલ છે તે હુકમ તેના સ્વરૂપમાં ફેરફારને આવકારે છે.

**૨૧.** આ કામે અરજદારે પોતાની અરજીમાં ધી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૨ અન્વયે શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે કોઇ ચોકકસ રકમની માંગણી કરેલ ન હતી અને વિ. ટ્રાયલ અદાલતે અરજદારની તરફેણમાં શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે રૂા.૨૫,૦૦૦/– ચુકવી આપવા હુકમ ફરમાવેલ છે.પરંતુ આ કામે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ અરજદારે પોતે જ પોતાની ઉલટતપાસમાં તેના સાસુ–સસરા સાથે કોઇ તકરાર નથી તેમજ હાલની અરજી એક ભેંસ મેળવવા માટે તથા ઘરમેળવવા માટે તથા જીવવા માટે હિસ્સો મેળવવા કરવામાં આવેલાનુ સ્પષ્ટ જણાવેલ છે. અરજદારેને શારીરીક માનસીક ત્રાસ ના વળતર પેટે રૂા.૨૫૦૦૦/– ચુકવવા હુકમ ફરમાવેલ છે તેવો હુકમ રદ થવાને પાત્ર બને છે.

આમ, તમામ હકીકતોને રજુ પુરાવાઓ ને ઘ્યાને લેતા, મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી <u>હુકમ</u> ::–**

૧. એપેલન્ટની અપીલ ''**અંશત: મંજુર**'' કરતો હુકમ કરવામાં આવે છે.

૨. ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/ ૨૦૨૩ નાં કામે વિ. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, નિઝર ઘ્વારા આંક–૩૦ લગત તા. ૩૦/૧૦/૨૦૨૫ના રોજ ઘરેલુ હિંસાના કાયદાની કલમ–૧૯ અન્વયે અરજદાર ને ઘર ભાડાપેટે માસીક રૂા.૨૦૦૦/– ચુકવી આપવા

જે હુકમ ફરમાવેલ છે તે હુકમ રદ કરવામાં આવે છે અને અરજદાર તેના પતિ સાથે પીપલાસ ગામે જે સરકારી આવાસ યોજનાના મકાના રહેતા હતા તે મકાન દિન-૧૦ માં અરજદારને રહેઠાણના ઉદ્દેશથી કબજે સોપી આપવા સામાવાળા વિરુધ્ધ હુકમ કરવામાં આવે છે.

**૩.** ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/ ૨૦૨૩ નાં કામે વિ. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીનાઓની કોર્ટ, નિઝર ધ્વારા આંક-૩૦ લગત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ઘરેલુ હિંસાના કાયદાની કલમ-૨૦ અન્વયે અરજદારને ભરણપોષણ પેટે માસીક રૂા.૫૦૦૦/- ચુકવી આપવા જે હુકમ ફરમાવેલ છે તે હુકમ રદ કરવામાં આવે છે.

**૪.** ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ની કલમ-૨૪ અન્વયે હાલના ચુકાદાની એક નકલ બન્ને પક્ષકારોને, પ્રોટેકશન ઓફિસર ને તથા સંબંધીત પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જને તથા વિ.ટ્રાયલ અદાલતને વિના મુલ્યે પુરી પાડવી. ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/ ૨૦૨૩ નાં કામે વિ. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રી નાઓની કોર્ટ, નિઝર ધ્વારા આંક-૩૦ લગત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ ઘરેલુ હિંસાના કાયદાની કલમ-૨૨ અન્વયે અરજદાર ને શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે રૂા.૨૫૦૦૦/- ચુકવી આપવા જે હુકમ ફરમાવેલ છે તે હુકમ રદ કરવામાં આવે છે.

**૫.** ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ની કલમ-૨૪ અન્વયે હાલના ચુકાદાની એક નકલ બન્ને પક્ષકારોને, પ્રોટેકશન ઓફિસર ને તથા સંબંધીત પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જને તથા વિ.ટ્રાયલ અદાલતને વિના મુલ્યે પુરી પાડવી.ફોજદારી પરચુરણ અરજી નં.૦૭/ ૨૦૨૩ નાં કામે વિ. જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રી

નાઓની કોર્ટ, નિઝર ધ્વારા આંક–૩૦ લગત તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ અરજીના ખર્ચ પેટે અરજદારને ખર્ચ પેટે રૂા.૧૫૦૦/– ચુકવી આપવા જે હુકમ ફરમાવેલ છે તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૬. ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ની કલમ–૨૪ અન્વયે હાલના ચુકાદાની એક નકલ બન્ને પક્ષકારોને, પ્રોટેકશન ઓફિસર ને તથા સંબંધીત પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જને તથા વિ.ટ્રાયલ અદાલતને વિના મુલ્યે પુરી પાડવી.

૭. આ ચુકાદાની એક નકલ વિ.ટ્રાયલ અદાલતને તેઓનાં અસલ રેકર્ડ સાથે મોકલી આપવી.

આ હુકમ આજરોજ તા.૨૫મી, માહે જુન, સને ૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તાપી મુ.વ્યારા.
તા.૨૫/૦૬/૨૦૨૬..

કે.એલ.પટેલ.

(**તેજસ આર. દેસાઈ**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૦૫૯૩,
તાપી મુ.વ્યારા.